## મોડ્યુલ 7 - ક્રેડિટ વિશે જાણ કરવી

## પ્રવૃત્તિ પત્રક 7-9

### ક્રેડિટ સ્કોરની રૂપરેખા

**રૂપરેખા #1: જૉહ્ન**

જૉહ્ન પાસે ત્રણ ક્રેડિટ કાર્ડ છે. જેની ક્રેડિટ મર્યાદાઓ અને સિલક આ પ્રમાણે છે: જૉન બિલ પર આખરી તારીખોનું ધ્યાન રાખતો નથી. તેને બદલે, તે ચૂકવણી તેના મહિનાની મધ્યના પેચેક બાદ થોડાંક સમય બાદ મોકલે છે.

| કાર્ડ | મર્યાદા | સિલક |
|---|---|---|
| સિયર્સ | $1000 | $999 |
| વિઝા | $5000 | $5500 |
| માસ્ટરકાર્ડ | $3500 | $3000 |

**રૂપરેખા #2: આમિર**

આમિર કેનેડા ગયો ત્યારથી તેણે ચાર ક્રેડિટ કાર્ડ માટે અરજી કરી હતી અને તે મેળવ્યા છે કારણ કે તેને ખ્યાલ હતો કે તેણે ક્રેડિટ ઈતિહાસ બનાવવો જરૂરી છે. વ્યાજ ચૂકવવાનો વિચાર તેને ગમતો નથી તેથી તેણે તેમાનાં કોઈપણ કાર્ડનો ક્યારેય ઉપયોગ કર્યો નથી. દરેક વસ્તુ માટે રોકડા ચૂકવવામાં તે ગર્વ લે છે. આમિર અને તેની પત્ની એક ઘર ખરીદવાનું વિચારી રહ્યાં છે. તેઓ મૉર્ટગેજ માટે અરજી કરવા માટે ટૂંક સમયમાં બેન્ક જશે.

**રૂપરેખા #3: ચિન**

ચિનને ગત વર્ષે ખબર પડી કે તેણી આઈડેન્ટિટી (ઓળખ)ની ચોરીનો ભોગ બની છે. તેણે ક્યારેય જેના માટે અરજી કરી ન હોય તેવા ઢગલાબંધ ક્રેડિટ કાર્ડ્ઝના બિલ્સ તેણે મેળવવાનું શરૂ કર્યું. તેણે બિલ્સ અને ત્યારબાદ આવતા કલેક્શન ફોનની અવગણના કરી.

**રૂપરેખા #4: સારાહ**

સારાહ પાસે પાંચ ક્રેડિટ કાર્ડ, સેલ ફોન પ્લાન અને એક કમ્પ્યૂટર માટે કન્ઝ્યુમર લોન છે. ગયે વર્ષે સારાહે તેની નોકરી ગુમાવી. તે નોકરી શોધવા દરમિયાન સામાજિક સહાયતા મેળવી રહી છે. તે તેના બિલની ચૂકવણીઓ ફેરવે છે, દર બે મહિને માત્ર ઓછામાં ઓછી ચૂકવણી જ કરે છે. તેણે પોતાનો સેલ ફોન કરાર રદ કર્યો પરંતુ તેની કૅન્સલેશન ફી $200 હતી. તે આ ચૂકવી શકી નહીં અને તે હવે કલેક્શન્સમાં ગયું છે.